**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

૩૧ ઓગષ્ટ, ૨૦૧૯ જીસીસીઆઇ/SG/Cir/૨૦૧૯-૨૦/ 7971

**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

શ્રી વિજય નહેરા, **IAS**
મ્યુનિસિપલ કમિશ્નરશ્રી
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
દાણાપીઠ
અમદાવાદ-૩૮૦૦૦૧.

**વિષય : અમદાવાદમાં મેટ્રોના રૂટ નીચેની જગ્યામાં પાર્કીંગની વ્યવસ્થા ઉભી કરવા અંગે.**

**માનનીય સાહેબશ્રી,**
**ગુજરાત વેપારી મહામંડળ તરફથી આપને અભિવાદન !**

હાલમાં અમદાવાદના ઘણાં વિસ્તારોમાં મેટ્રો પ્રોજેક્ટનું કામ ચાલી રહ્યું છે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મેટ્રોની નીચેની ખાલી પડેલ જગ્યાને પેવર અને રેલીંગ દ્વારા જગ્યાને કવર કરવામાં આવી રહી છે. હાલમાં આપ જાણો છો તેમ ટ્રાફીકની સમસ્યા અમદાવાદમાં વધી રહી છે જેના કારણોમાં વાહનોમાં વધારો અને પાર્કીંગની અપૂરતી જગ્યાઓ મુખ્ય છે. મેટ્રોનો ઉપયોગ પુરેપુરો થઇ શકે તેમાં પણ પાર્કીંગની વ્યવસ્થા મોટો ભાગ ભજવશે. કારણ કે મેટ્રો સ્ટેશનો સુધી પહોંચવા ખાનગી વાહનોનો ઉપયોગ કરવો પડશે. મેટ્રોની નીચેના ભાગે આવેલ રોડ પર અલગ રેલીંગ અને પેવર મુકી તેને બંધ કરી દેવામાં આવી રહ્યા છે. આના બદલે અમારું સૂચન છે કે આ જગ્યાનો પાર્કીંગની વ્યવસ્થા માટે ઉપયોગ કરવો જોઇએ.

GCCI તરફથી એવું સૂચન છે કે આ જગ્યાને ઠેકા પદ્ધતિથી અન્ય કંપનીઓને ભાડે આપવાનું આયોજન પણ થઇ શકે જેના દ્વારા યુવાનોને રોજગારીની તકો પણ ઉપલબ્ધ થઇ શકે તેમ છે.

ઉપરોક્ત બાબતને ધ્યાને લેતાં આ રેલીંગ અને પેવરની કામગીરીને તાત્કાલિક અટકાવીને પાર્કીંગની નવી સગવડો ઉભી કરવા અંગે યોગ્ય વિચારણા કરવા આપને નમ્ર વિનંતી છે.

**આભાર સહ,**
**આપનો વિશ્વાસુ,**

**તન્મય મહેતા**
*સેક્રેટરી જનરલ*

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org